## અમદાવાદ (ગ્રામ્ય) ના ૬ઠ્ઠા જ્યુડીશ્યલ / જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ) ની કોર્ટમાં, મુ. મીરઝાપુર, અમદાવાદ

---

ફોજદારી કેસ નં.૧૪૪૮૨/૧૯

આંકઃ_____

ફરિયાદીઃ શ્રી સરકાર

વિરૂદ્ધ

આરોપીઃ રૂસીકેશ પ્રવિણભાઈ ગાંધી

**<u>ગુન્હોઃ ઈ.પી.કો કલમ-૨૮૩ મુજબ</u>**

## :: ચુકાદો ::

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કેઃ–

આ કામના આરોપીએ પોતાના કબજાનું વાહન જાહેર રોડ ઉપર આવતા જતા વાહનો અડચણરૂપ રીતે ઉભી રાખી ભયજનક રીતે પાર્ક કરી, ઈ.પી.કો.ક ૨૮૩ મુજબનો ગુનો કરેલ છે.

(૨) ઉપરોક્ત ફરીયાદના કામે ત.ક અમલદારશ્રીએ તપાસ કરી સાહેદોના નિવેદનો નોંધતા અને ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, અને તપાસ દરમ્યાન આ કામના આરોપી વિરુધ્ધ ગુનો બનતો હોય આરોપીની અટક કરી પુછપરછ કરી આરોપી વિરુધ્ધ પુરતા પુરાવાઓ મળી આવતા આરોપીની ધરપકડ કરી આરોપી વિરુધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ.

(૩) ત.ક અમલદાર દ્બારા આરોપી વિરુધ્ધ ચાર્જશીટ ફાઈલ થતાં આરોપી વિરુધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે આરોપીને સી.આર.પી.સી.ની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આરોપીની પ્લી આંક..... થી લેતાં ઓરોપીએ તેમની સમક્ષને ગુનો કબુલ કરેલ છે.

(૪) આ કામના આરોપીએ આજરોજ ગુના કબુલાત પુરશીષ આંક...... થી આપેલ છે. જેમાં આ કામના આરોપીએ ગુના કબુલાત પુરશીષ આપી જણાવેલ છે કે, હમો ગરીબ માણસ છીએ, જેથી અમો આરોપીને ઓછામાં ઓછો દંડ કરી ગુનામાંથી મુક્ત કરવા અરજ ગુજારેલ છે.

(૫) આરોપીએ રજુ કરેલ કબુલાત પુરશીષ, આરોપીની આર્થિક તેમજ સામાજીક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતાં સદરહું આરોપી જો એખ સુધરવાની તક આપવામાં આવે અને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>આખરી હુકમ</u>**

આ કામના આરોપી રૂસીકેશ પ્રવિણભાઈ ગાંધીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૮૩ અન્વયે ઈ.પી.કો.ક ૨૮૩ મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂ.૧૦૦/– (રૂપિયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો, દિન–૨ ની સાદી કેસની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોક્ત ચુકાદો તા. ૦૮/૦૨/૨૦ ના રોજ જાહેર કર્યો.

તારીખ– ૦૮/૦૨/૨૦૨૦
અમદાવાદ (ગ્રામ્ય)

( ગરીમા યાદવ )
ફર્સ્ટ એડી.જ્યુડી.મેજી.ફ.ક.
અમદાવાદ(ગ્રામ્ય),મીરઝાપુર.
UIC NO. GJ 01520